# ઉત્તર ગુજરાતના આદિવાસીઓમાં સાંસ્કૃતિક પરિવર્તન

વાળંદ શંકરભાઇ છનાભાઈ
આસિ. પ્રોફેસર ઇતિહાસ વિભાગ
ડી. એન. પી આર્ટ્સ અને કૉમેર્સ કૉલેજ,ડીસા

પ્રસ્તાવના :

પરિવર્તન એટલે સામાન્ય રીતે ફેર ફાર થવો. સામાન્ય રીતે પરિવર્તનએ કોઈ પણ સમાજ પછી તે આદિવાસી સમાજ હોય કે બિનઆદિવાસી સમાજ પરિવર્તનશીલ છે. આદિવાસી સમાજની પરિવર્તનની માત્રા એ કંદરે ધીમી છે કારણ કે નિરસતા, સાપેક્ષ સમાજથી વંચિતપણું. પરંપરા વગેરે પરિબળોને લઈને મુલ્યો તથા ભૌતિક પરિવર્તન તેમનામાં ધીમું થયું છે, આદિવાસીઓની પરંપરાગત, ઐતિહાસિક સાંસ્કૃતિક વિરાસત એટલે એમની સંસ્કૃતિ, ભાષા, સહજતા, સરળતા, મુક્તતા, પ્રેમ મમતા કરુણાની પ્રારા સદા નિર્મળ ઝરણાંની માફક સદા વહેતી રહે છે.વેદ કાળથી આજદિન સુધી અનેક પરિબળોની અસરો આદિવાસી સમાજ પર થઈ હોવા છતાં આજે આદિવાસી સમાજમાં લોકસંગીત, લોકકથા કે લોક કળા સ્વરૂપે કળા જીવંત રહી છે. કલાકારો દ્વારા સંજેલી લૌકિક તત્ત્વવાળી જન સમુહને ગમે તેવી વ્યવહારિક અને ધાર્મિક પરંપરાને સાચવીને મુકાયેલી કળા આ વિભાગમાં ભીતચિત્રો, શિલ્પ, માટીના રમકડાં, ભરત-ગૂંથણ વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતની પૂર્વપટ્ટી એટલે ઉત્તર ગુજરાતનો આદિવાસી સમાજ મુખ્યત્વે આ બાબતોમાં કલાકાર રહ્યો છે. ઘોડા, દેવ દેવીઓની મૂર્તિ બનાવવી અને ભીતચિત્રો બનાવવા વગેરે જેવી કળા તેઓ સારી પેઠે જાણે છે. આજે આદિવાસી વિકાસની સાથે સાથે તેમની આ કુદરતી કળા ધીરે ધીરે લુપ્ત થતી જાય છે. સામન્ય રીતે આદિવાસી કળામાં ઉપયોગીતાનું તત્વ જોવા મળતું હતું. પણ હકીકતમાં આ કળા એ તેમની સંસ્કૃતિનો એક ભાગ છે. અહીંના ગરાસિયા અને ભીલ આદિવાસીઓનું જીવન દૂર દૂર એવા ડુંગરાળ વિસ્તારોમાં અને જંગલોની ટેકરીઓ સાથે સંકળાયેલું છે. તેણે તેમની કળામાં પ્રકૃતિના વિશિષ્ઠ તત્ત્વોનો આર્વિભાવ જોવા મળે છે, તેમના માં સૌદર્યલક્ષી વન્ય પશુ-પક્ષીઓનાં તત્ત્વો વિશેષ પ્રમાણમાં સ્થાપિત થઈ ચૂકથી કે હાલમાં પણ ડુંગરી ગરાસિયા આદિવાસીઓમાં તેમની પોતાની કક્ષા

મુજબની આગવી કલા અસ્તિત્વમાં છે. સમયના વહેણની સાથે તેમાં કેટલાક નજીવાથી માંડીને મોટા પણ જોઈ શકાય છે.

## ઉત્તર ગુજરાતાના આદિવાસીઓની સંસ્કૃતિ :

ઉત્તર ગુજરાતના આદિવાસિઓમાં ગરાસિયા સંસ્કૃતિકરણમાં મહત્વનો ભાગ ગરાસિયા પંચની સ્થાપના, મિસનરીઓનો સાથેનો સંબંધ અને સંપ્રદાયનો પ્રારંભ, પહેલાંના સમયની હિન્દુ સંસ્કૃતિ-ગરાસિયા, સંસ્કૃતિના પરસ્પરના સમયથી ઉપસ્થિત થયેલ સંમિશ્રિત ગરાસિયા સંસ્કૃતિ એટલે કે ૧૯મી સદીની છેલ્લી સાંસ્કૃતિક પાયાગત રેખા તરીકે સ્વીકારીને આઝાદી પછીના ગરાસિયા સંસ્કૃતિનું સંતરે વગેરે ગણાવી શકાય છે. ઉત્તર ગુજરાત આદિવાસી વિસ્તારના ગરાસિયાઓની વેજ પૂછી, પાક પૂજા, સગાઈ સંબંધોમાં દેવી આરાધના અને આગતા-સ્વાગતામાં મહત્ત્વનું સ્થાન ધરાવતો હતો, તેમની સંસ્કૃતિ પાયગત રેખાના વર્ષોમાં ભક્તિ પંથોના ગયી નવા અદિવાસીઓ બાદ કરતાં સર્વ સ્થળે સગાઈ કર્યાની નિશાની રૂપે પ્રણાલિગત ગરાસિયા રીતિ અનુસાર વિશિષ્ટ ઢબે દારૂની વહેંચણી થતી હોવાનું માનવામાં આવે છે.તેમના સમાજમાં સગાઈ કરવા જવાના  પર્યાયરૂપે હરો પીવા જવું" જેવા શબ્દ આજે પણ વપરાતો જોવા મળે છે. પૂર્વજ પૂજા કે પાઠપૂજા માં દેવને દારૂની ધાર દેવામાં આવતી. ગોત્રજ સમક્ષ તલવારની પૂજા પણ દારૂની ધારથી થતી હતી. લગ્ન જેવા પ્રસંગોમાં દારૂની મહેફિલો મનાતી હતી. સદસ્કૃતિકરણ અસર હેઠળ શ્રી ગરાસિયા પંચના આગેવાનોએ દારૂને ત્યજવાની અપીલ ૧૯૩૬માં કરેલી. ૧૯મી સદીના ઉતરાર્ધમાં આ વિસ્તારમાં ભક્તિ સંપ્રદયની શરૂઆત થઈ. તેથી દારૂ, માંસ ઘણા આદિવાસીઓ ત્યજેલા. આઝાદી પછી મુંબઈ ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો કાયદો અમલ થતાં દારૂના જાહેરમાં ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો. આજે પણ અહીંના આદિવાસી વિસ્તારોમાં ગેરકાયદેસર દારૂ ગાળવાનો તેમજ વપરાતો હોવાનું માનવામાં આવે છે. દારૂ પીનારને ગરાસિયા બોલીમાં 'દારૂડવું' નું બિરૂદ આપવામાં આવે છે.

આદિવાસી બોલી :

પૂજાનું મહત્વનું પ્રમાણુ વધ્યું હોવાનું જાણી શકાય છે, પ્રથાની જગ્યાએ નાળિયેલ જેવા અર્થો વાપરવાનું પ્રમાણ વધતું જાય છે, - વજનેમાર સમયમાં બલી પ્રથો લગભગ લુપ્ત થઈ ગઈ છે. ગરાસિયા, વીઓ મો વાડો - પહેરવાની પદ્ધતિ અને ફેરફાર પણ સરકૃતિક રણને આભારી છે.શિક્ષણની પ્રચાર-પ્રસારને કારણે અને હિન્દુ જ્ઞાતિઓ સાથેના વધતા જતા શિષ્ટાચારની સાથે શબ્દાવલી. સગાઈ, સંબંધ, સંબોધન પણ સંસ્કૃતિકરણની અસરથી બાકત નથી. અહીંના પાટિયા આદીવાસીઓમાં નવા શબ્દો દરેક ભક્તિપંથ દીઠ બંદગી, પ્રણામ, સતગુરે સાઇબ વગેરે. શબ્દોનો વધારો થયો છે. તેમનામાં શિક્ષણનો પ્રસાર અને શાળાનો સંપર્ક વધતા જયહિંદ', જયમાં રતન', 'નમસ્તે' વગેરે જેવા શબ્દો ઉમેરાયા છે, બા-બાપુજી જેવા શબ્દોના પ્રવેરાની સાથે પાછલા વર્ષોમાં મમ્મી-પાપા વગેરે જેવા આધુનિક શબ્દો વાપરતા થયા છે. લગ્નપ્રથાની કેટલીક વિધિઓ, ઉપવિધિઓ અને તેની પાછળ રહેલી માન્યતાઓમાં પણ પરિવર્તન આવ્યું છે તિલક તાપવિધિ અને પૂજા સામગ્રીના સાધનો, નાળિયેલ, મંડપોપણી, મંગળફેરા વગેરે તેમની પાડોશી હિન્દુઓ પાસેથી આઝાદી પછી અપનાવ્યું હોવાનું મનાય છે. ગરાસિયાઓની પણા લિગત ગ્રામ દેવીની પૂજા તેમના પરંપરાગત ભોપા કે ભૂવા દ્વારા કરવામાં આવતી તેમાં હવે સાંસ્કૃતિકરણના પ્રભાવે આ પેઅકિયામાં બ્રાહ્મણો સ્થાન મેલવી ચૂકયા છે. બ્રાહ્મણોએ દાન આપવાથી પુણ્ય વધુ મળે તેઓ દાનના અધિકારી છે તેવી હિન્દુ પરંપરાને માનતા થયા છે. બ્રાહ્મણને પોતાના લગ્નોમાં સ્થાન તેમને આપ્યું નથી,તેમના લગ્ન પરંપરાગત રીતે કરવામાં આવે છે. આ બાબતે ગરાસિયા સમાજ પર પોતાની પ્રથા સારી અને સાચી હોવાની પૂતિયા માન્યતા પ્રર્વતે છે. બ્રાહ્મણ દ્વારા થયેલ લગ્નમા, કલ્યાણકારી અને સુખ-પ્રદ હેવાની માન્યતા તેમનામાં પ્રબલ નથી. તેમનું સ્પષ્ટ માનવું છે,કે ભૂતકાળમાં લગ્ન પ્રથામાં 'કોણક મંત્રોચ્ચાર ન હોવા છતાં તેમના લગ્ન જીવન પર કોઈ વિપરીત અસર થયાના પૂરાવા મળતા નથી. હિન્દુ જ્ઞાતિઓમાં ઉજવાતા તહેવારોની ઉજવણી અને અહીંના આદિવાસીઓમાં ઉજવાતા તહેવારોમાં થોડો તફાવત આજે પણ જોવા મળે છે. ગરાસિયા ઓનીતરાયણના તહેવારની ઉજવણી આપણી પરિકલ્પનાની દષ્ટિએ અગત્યની અને રસદાયક છે.

લોકકથા અને લોકવાર્તા :

હિન્દુ ધર્મની માન્યતો તેમનામાં ઠીક ઠીક પ્રમાણમાં સ્થાન પામી છવાનું જાણવા મેર્યું છે, ભૂત-ભૂવા વગેર અંગેના મેરતંત્રાદિ ગરાસિયા ગુરૂઓ પાસેથી જાણવા માં આવે છે, મંડાની વૃક્ષની મુખ્ય માલિક હોવાથી ગરાસિયાઓમાં પ્રવેશેલો મહુડાનો દોકે બીજી કેટલીક સાતિઓમાં પણ સંસ્કારમાં એક ભાગ તરીકે સ્થાન પામી ચૂક્યો છે."આદિવાસી કલાની વિશેષતા :આદિવાસી સમુદાયની કલાઓ નિર્દોષ, અણીશુદ્ધ અને સ્વભાવિક છે. તેમની કલા માં સૌદર્ય ઉપરાંત આધ્યાત્મિક અનુભવો અને ધાર્મિક વિચારોનો આર્વિભાવ સવિશેષ જોવા મળે. છે. તેમનામાં કલાત્મક સાધનોને અનુરૂપ કલાના સ્વરૂપો વિકસ્યા છે. આ લોકો કાષ્ટ, પાષાણ. માટી ધાતુઓ, પક્ષીના પીછાં, પશુના તંતુઓ વગેરેનો ઉપયોગ કરીને કલાત્મક કલા કૃતિઓ. ભૌમિતિક આકૃતિઓ તેમજ પ્રતિકાત્મક આકૃતિઓ સર્જે છે. તેમની કલામાં ઉપયોગીતા. સામાજિક મહત્ત્વ સાંકેતિક અને યથાર્થવાદ જેવા વિશિષ્ઠ તત્વો જોવા મળે છે. મૂર્તિ અને ચિત્રકળાનું પ્રચલન આદિવાસી સમાજમાં વ્યાપકપણે વ્યક્ત થતું હોય છે. આદિવાસીઓ પથ્થર અને લાકડાઓનો ઉપયોગ કરીને તેમાંથી કલાત્મક મૂર્તિઓ બનાવે છે. લાકડા અને ધાતુના વાસણો પર નકશીકામ, કોતરણી કામ અને ચિત્રકામ કરે છે. ઉત્સવો અને તહેવારોની જિવણી સભ્ય સમાજ અને આદિવાસી સમાજમાં પ્રાચીન યુગથી ચાલી આવી છે. મોસ દારુના ઉત્સવો ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતો સાથે સંબંધ ધરાવે છે. વિવિધ સામાજિક ધીરેકૃતિક પ્રસંગોમાં પૂજાપાઠ, સમુહગાન, સમુહનૃત્ય, સમુહભોજન વગેરેનું આયોજન મોદિવાસીઓ કરતા હોય છે. એની પાછળ સામુહિક પ્રતિનિધિત્વની ભાવના તેમએક રમકતા જેવા સામાજિક ગુણો જોવા મળે છે.

વર્તમાન સમયમાં પરંપરાગત શુદ્ધ ગરાશિયા બોલી મા ધ્યે જ કોઈ કુટુંબોમાં જોવા મળે છે, અહીંની શાળાઓમાં શિક્ષણ ગુજરાતી ભાષામાં અપાતું હોવાથી બાલકોમાં ગરાસિયા બોલીની સાથે સાથે ગુજરાતી ભાષાનું જ્ઞાન પણ વધતું કચ છે. બિનઆદિવાસી સમાજના સંપર્કના કારણે પોતાની બોલી તરફ તેઓ બિનઆદિવાસી સમાજની નજરે જોતા થયા છે. એટલે કે પોતાની બોલીને તેઓ ઉતરતી કક્ષાની ગણતા જોવા થાય . આજે બિન આદિવાસી સમાજમાં વિઇબ્ધ ક્ષેત્રોમાં કામ કરતા અનેક ગરાસિયા જાતિના લોક બિન આદિવાસી જાતિના લોકો સાથેના વ્યવહારમાં પોતાની બોલી કે બોલીના શબ્દો નું આવે તેનું ખાસ ધ્યાન રાખે છે.

તેનું મુખ્ય કારણ તેઓ પોતાની બોલીને બીજી ભાષા કરતાં ઉતરતી કક્ષાની ગણે છે. વર્તમાન સમયમાં અહીંના આદિવાસીઓ રોજગાર માટે ગુજરાતના જો નાના-મોટા શહેરોમાં કામ કરવા જાય છે. ત્યાં તેઓ લોકો સાથે ગુજરાતી ભાષામાં કરે છે પણ ત્યાં પોતાનો કોઈ માણસ મળે ત્યારે તેની સાથે પોતાની આગવી બોલીમાં - શતચીત કરતા જોવા મળે છે. કામથી જયારે તેઓ પોતાના વિસ્તારમાં પાછા ફરે છે ત્યાં પણ પૈતાના કુટુંબીજનો સાથે પોતાની બોલીમાં જ વ્યવહાર કરે છે.ઉત્તર ગુજરાતના આદિવાસી ગરાસિયા બોલી ઈન્ડોઆર્યન ભાષા જૂથની એક બોલી સાથ છે. જેવી રીતે ગુજરાતી ભાષાની કાઠિયાવાડી, મહેસાણી, સુરતી. ઝાલાવાડી વગેરે રીઓ છે તેમ ગરાસિયા એક બોલી છે. આ ભાષકોને અભેદ કે ઉચ્ચારણથી ખ્યાલ આવે રસિયા જ્ઞાતિમાં રોજિંદા જીવનમાં વપરાતા કેટલાક વા કયોમાં પરિવર્તન જોવા મળે છે.

સંદર્ભ ગ્રંથ :


૧. પટેલ ગીરધરલાલ ઠ  ગરાસીયા આદીજાતીમાં સમાજ અને સંસ્કૃતિક અભ્યાસ

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

૨. સંગલ્યાભાઈ વાલવી  આદિવાસીઓના સંવિધાનિક અધિકારો  અદિલોક સામાયિક

અંક માર્ચ-એપ્રિલ,૨૦૧૫

૩. સંગીતા દાસગુપ્ત, "આદિવાસી અધ્યયન: ઇતિહાસકારના દ્રષ્ટિકોણથી." ઇતિહાસ કંપાસ

2018

4. હેમરાજ રાણા આદિલોક સામાયિક " અંદાજપત્રમાં આદિવાસી લોકો અંગેની જોગવાઈઓ અને ધારાસભ્યોનાં પ્રતિભાવો 2014

5. પટેલ ભગવાનદાસ "અરાવલી લોકોની વદી વાતો" ફર્સ્ટ આવૃત્તિ 2014